# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 8-10-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

***************************************************

- હરિયાણામાં ભાજપને ત્રીજી વખત બહુમતી. જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસના ગઠબંધનને મળ્યો જનાદેશ
- ભારત અને જર્મની વચ્ચે સંરક્ષણ સહયોગ વધુ મજબૂત બનાવવવા બંને દેશોના સંરક્ષણ મંત્રીઓ વચ્ચે સહમતી
- કોલકતામાં મહિલા ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આંદોલન કરી રહેલા જુનિયર તબીબોના સમર્થનમાં આરજી કર હોસ્પિટલના વરિષ્ઠ તબીબોના સામૂહિક રાજીનામા
- અભિનેતા મિથુન ચક્રવર્તીને રાષ્ટ્રપતિના હસ્તે દાદા સાહેબ ફાળકે એવોર્ડ એનાયત
- કઝાકીસ્તાનમાં એશિયાઇ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતીય ટીમે સેમીફાઇનલમાં પ્રવેશ કરીને ઇતિહાસ રચ્યો

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ELECTION RESULTS

હરિયાણામાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે અને તેનો સતત ત્રીજી વખત વિજય થયો છે.. જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસના ગઠબંધને જનાદેશ મળ્યો છે..

ચૂંટણી પંચ દ્વારા અત્યાર સુધીમાં જાહેર કરાયેલા પરિણામો અનુસાર હરિયાણામાં ભાજપને 48 જ્યારે કોંગ્રેસને 36માં વિજય અને એક બેઠક માં સરસાઇ ધરાવે છે.. જ્યારે ભારતીય લોકદળને બે અને અપક્ષોને ત્રણ બેઠક મળી છે..

જમ્મુકાશ્મીરમાં પણ જાહેર થયેલા પરિણામો અનુસાર નેશનલ કોંગ્રેસ સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યો છે અને તેને 42 બેઠક જ્યારે તેની સાથે જોડાણ કરનારા કોંગ્રેસને છ બેઠકો ઉપર વિજય મળતા આ જોડાણને સ્પષ્ટ બહુમતી મળી છે. જ્યારે ભારતીય જનતા પાર્ટીએ 29 બેઠકો ઉપર વિજય મેળવ્યો છે આ ઉપરાંત પીડીપીને બે ત્રણ બેઠકો મળી છે..

## PM ABHAR

પ્રધાનમંત્રી  અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપને જનાદેશ આપવા બદલ હરિયાણાના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીને પણ ખાસ ગણાવી હતી. પ્રધાનમંત્રીએ  ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમતી આપવા બદલ હરિયાણાની જનતાનો આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આ વિકાસ અને સુશાસનની રાજનીતિની જીત છે. શ્રી મોદીએ કહ્યું કે તેઓ લોકોને ખાતરી આપે છે કે ભાજપ સરકાર તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં કોઈ કસર છોડશે નહીં. પ્રધાનમંત્રીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં કલમ 370 અને 35(A)ને હટાવ્યા બાદ પ્રથમ વખત ચૂંટણી યોજાઈ હતી અને તેમાં ઉંચુ મતદાન જોવા મળ્યું હતું, જે લોકશાહીમાં લોકોની આસ્થા દર્શાવે છે.

આ ઉપરાંત ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રીએ પણ હરિયાણામાં ભાજપને જીતાડવા બદલ જનતાનો આભાર માન્યો હતો.

## RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે, મંગળવારે જર્મનીના સંરક્ષણ મંત્રી બોરિસ પિસ્ટોરિયસ સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી .બંને નેતાઓએ હવાઈ અને દરિયાઈ ક્ષેત્રમાં કવાયત અને સંરક્ષણ સહયોગ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી અને બંને દેશો વચ્ચે આ તંત્રને વધુ મજબૂત કરવા સંમત થયા.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને તેમના જર્મન સમકક્ષ બોરિસ પિસ્ટોરિયસે, પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી અને તેમની પ્રાથમિકતાઓ શેર કરી હતી .બોરિસ પિસ્ટોરિયસ સાથેની ટેલિફોનિક વાતચીતની માહિતી શેર કરતાં રાજનાથ સિંહે કહ્યું કે, બોરિસ પિસ્ટોરિયસ સાથે તેમની ફળદાયી ચર્ચા થઈ .અમે પ્રાદેશિક મુદ્દાઓ અને અમારી સહિયારી પ્રાથમિકતાઓ પર ચર્ચા કરી .અમે ભારત અને જર્મની વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવા માટે પણ સંમત થયા છીએ.

બોરિસ પિસ્ટોરિયસ, જૂન મહિનામાં ભારતની ચાર દિવસની મુલાકાતે આવ્યા હતા, ત્યારે પણ તેમણે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી.

## REV. KOLKATA-MEDICAL COLLEGE

પશ્ચિમ બંગાળમાં કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના વરિષ્ઠ ફેકલ્ટી સભ્યોએ આજે સામૂહિક રાજીનામા આપ્યા હતાતેમણે આ . .રાજીનામા જુનિયર ડોકટરોના સમર્થનમાં ધર્યા હતા જુનિયર ડોકટર પર દુષ્કર્મ અને હત્યાનો ઓગષ્ટ માસથી આ જુનિયર તબીબો વિરોધ કરી રહ્યા છેબીજી તરફ . રાજ્યના મુખ્ય સચિવ મનોજ પંતે મેડિકલ કોલેજો અને હોસ્પિટલોના પ્રતિનિધિઓ .આ બેઠકમાં પશ્ચિમ બંગાળના આરોગ્ય સચિવ પણ હાજર છે .સાથે બેઠક કરીહતી

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી - આ .સાંભળી રહ્યા છોરાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો વધુ સમાચાર માટે આપ અમારા .એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## NATIONAL FILM AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં વર્ષ 2022 માટે 70માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કર્યા. આ પ્રસંગે સુપ્રસિદ્ધ અભિનેતા મિથુન ચક્રવર્તીને સિનેમા ક્ષેત્રે સર્વોચ્ચ માન્યતા એવા દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન પણ હાજર હતા. રાષ્ટ્રપતિએ અભિનેતા મિથુન ચક્રવર્તીને એવોર્ડ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. અને તેમના દ્વારા ફિલ્મ ઉદ્યોગમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી હતી.

( બાઇટ- દ્રૌપદી મુર્મ , રાષ્ટ્રપતિ )

માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકાર પ્રતિભા વિકાસ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સરળીકરણ એમ ત્રણ પાયાના અભિગમ સાથે ફિલ્મ ઉદ્યોગના વિકાસ તરફ કામ કરી રહી છે:

દાદા સાહેબ ફાળકે એવોર્ડ રાષ્ટ્રપતિના હસ્તે પ્રાપ્ત કર્યા બાદ અભિનેતા મિથુન ચક્રવર્તીએ કહ્યું હતું કે સંઘર્ષ બાદ તેમને ફળ મળ્યું છે..જ્યારે યુવાનોને પણ તેમણે પ્રોત્સાહિત કર્યા હતા.

(બાઇટ મિથુન ચક્રવર્તી, દાદા સાહેબ ફાળકે એવોર્ડ મેળવનાર)

વર્ષ 2022 માટે મંત્રાલયને ફીચર ફિલ્મ કેટેગરીમાં 32 વિવિધ ભાષાઓમાં કુલ 309 ફિલ્મો અને નોન-ફીચરમાં 17 ભાષાઓમાં 128 ફિલ્મોની એન્ટ્રી મળી હતી. અલગ અલગ શ્રેણીમાં અપાયેલા એવોર્ડમાં ફિલ્મ વિવેચક દીપક દુઆને શ્રેષ્ઠ વિવેચક પુરસ્કાર શ્રેણી હેઠળ સ્વર્ણ કમળ થી સન્માનિત કરવામાં આવ્યા છે. અનિરુદ્ધ ભટ્ટાચાર્ય અને પાર્થિવ ધરને કિશોર કુમારઃ ધ અલ્ટીમેટ બાયોગ્રાફી પુસ્તક માટે સિનેમા કેટેગરીમાં શ્રેષ્ઠ પુસ્તક હેઠળ સ્વર્ણ કમળ થી સન્માનિત કરવામાં આવ્યા છે.

બેસ્ટ ફીચર ફિલ્મનો એવોર્ડ મલયાલમ ફિલ્મ અટ્ટમને આપવામાં આવ્યો હતો, જ્યારે આયેનાને બેસ્ટ નોન-ફીચર ફિલ્મ તરીકે ઓળખવામાં આવી હતી. સૂરજ બડજાત્યાને શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ફિલ્મ નિર્માતા કરણ જોહરને ફિલ્મ બ્રહ્માસ્ત્ર ભાગ એક માટે 'એવીજીસીમાં શ્રેષ્ઠ ફિલ્મ'નો એવોર્ડ મળ્યો હતો.મ્યુઝિક કેટેગરીમાં અરિજિત સિંઘને બેસ્ટ મેલ પ્લેબેક સિંગર અને બોમ્બે જયશ્રીને બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગરનો એવોર્ડ મળ્યો હતો. જ્યારે ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસ માટે માનસી પારેખને એવોર્ડ આપીને સંમાનિત કરાયાં હતાં.

## TEBLE TENNIS

કઝાકીસ્તાનના અસ્તાનામાં ભારતીય ટીમે એશિયાઇ મહિલા ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં ઇતિહાસ રચ્યો છે. ભારતની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં પેરિસ ઓલમ્પિક કાંસ્ય ચંદ્રક વિજેતા દક્ષિણ કોરિયાને હરાવીને ફાઈનલમાં સ્થાન બનાવી લીધુ છે .ભારતીય મહિલા ટીમનો આ પ્રથમ ચંદ્રક હશે.

## AIR FORCE DAY

ભારતીય વાયુસેના તેનો 92મો સ્થાપના દિવસ મનાવી રહી છે.. જેની ઉજવણીના ભાગરૂપે મંગળવારે ચેન્નાઈના તાંબરમ સ્ટેશન પર, હવાઈ શક્તિ અને 'આત્મનિર્ભરતા'નો નજારો જોવા મળ્યો હતો

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ અનિલ ચૌહાણે સમારોહમાં હાજરી આપી હતી,

આ પ્રસંગે એર ચીફ માર્શલ એપી સિંહે તેમના સંબોધનમાં, ભારતીય વાયુસેનાને રાષ્ટ્રીય હિતોને પડકારતી કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ ઉજવણીમાં ત્રણેય સેનાના બેન્ડના પરફોર્મન્સથી વાતાવરણ વધુ મધુર બની ગયું હતું,

વાયુદળ દ્વારા અદભૂત હવાઇ કરતબો રજૂ કર્યા હતા..તેજસ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ, સુખોઈ-30 એમકેઆઈ અને પિલાટસ સહિત વિવિધ જેટ એરક્રાફ્ટે પણ કરતબો દર્શાવ્યા હતા.. સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમ અને સારંગ હેલિકોપ્ટર ટીમે રોમાંચક પ્રદર્શન કરીને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. વાયુદળના દિલધડક કરતબોથી ચેન્નાઈનું આકાશ રાષ્ટ્રધ્વજના રંગોમાં રંગાઈ ગયું હતું.

બીજીતરફ વાયુ સેના દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય વાયુસેનાને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, વાયુસેના તેમની હિંમત અને વ્યાવસાયિકતા માટે પ્રશંસનીય છે અને રાષ્ટ્રની સુરક્ષામાં તેમની ભૂમિકા અત્યંત પ્રશંસનીય છે.

## PM PASWAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોક જનશક્તિ પાર્ટીના સ્થાપક અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનને, તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પી હતીશ્રી . મોદીએ કહ્યું કે," રામવિલાસ પાસવાન એક ઉત્કૃષ્ટ નેતા હતા. જેઓ ગરીબોને સશક્ત બનાવવા અને મજબૂત અને વિકસિત ભારતના નિર્માણ માટે સમર્પિત હતા.

## ATAL PENSION YOJANA

અટલ પેન્શન યોજના હેઠળ કુલ નોંધણી સાત કરોડને વટાવી ગઈ છે, વર્તમાન નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં 56 લાખથી વધુની નોંધણી થઇ છે .આ

માહીતી પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા આજે જાહેર કરાઇ હતીઆ યોજના થકી સામાજિક સુરક્ષા યોજના યોગદાનના આધારે દર મહિને એક .. અટલ પેન્શન યોજના .હજારથી પાંચ હજાર રૂપિયાનું લઘુત્તમ પેન્શન પ્રદાન કરે છે 2015 માં ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના કામદારો સહીત દેશના તમામ નાગરિકો માટે સાર્વત્રિક સામાજિક સુરક્ષા વ્યવસ્થા બનાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી હતી.